ડાયટ અંતર્ગત પી.ટી.સી./ડીએલએડ કોર્ષ
બંધ થતા ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી
તેવા શૈક્ષણિક સ્ટાફને ડાયટ અન્ય
સંસ્થામાં સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:ટીસીએમ-૧૪/૨૦૧૪/૨૮૦૭૮૨/ન (ભાગ-૧)
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬/૧૦/૨૦૧૫

વંચાણે લીધા: (૧) વિભાગનો સરખાં ક્રમાંકનો તા.૩૦/૬/૨૦૧૪નો ઠરાવ
(૨) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરની તા.૨૯/૫/૨૦૧૫ ની સિંગલ ફાઇલ.

**આમુખ:**

વિભાગના તા.૩૦/૬/૨૦૧૪ના સરખા ક્રમાંકના ઠરાવથી ૪-સરકારી પીટીસી કોલેજો, ગ્રાન્ટ-ઇન-એઇડ પી.ટી.સી. કોલેજો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની પી.ટી.સી. કોલેજો, સી.પી.એડ કોલેજ તથા ડી.પી.એડ કોલેજોમાં વિદ્યાર્થીઓ ઓછા મળવાના કારણે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને ફાજલ જાહેર કરવામાં આવેલ હતા. આ પૈકી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ) ની પી.ટી.સી. કોલેજો, સી.પી.એડ અને ડી.પી.એડ કોલેજોના શૈક્ષણિક સ્ટાફને વિભાગના તા.૩૦/૬/૨૦૧૪ ના ઠરાવના અમલીકરણમાંથી બાકાત રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણા અંતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના શૈક્ષણિક સ્ટાફને વિભાગના તા.૩૦/૬/૨૦૧૪ ના ઠરાવના અમલીકરણમાંથી બાકાત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(પાછળ)

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંવિભાગની તા. ૧૬/૦૬/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિએ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોક પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.શિક્ષણમંત્રીશ્રીના શિક્ષણના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિકમુખ્ય સચિવશ્રી શિક્ષણ વિભાગના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
- નિયામકશ્રી શારીરિક શિક્ષણ અને યોગ. ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર). અમદાવાદ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ). (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત).
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ. ગુજરાત રાજ્ય. ગાંધીનગર.
- સર્વ જિલ્લા તિજોરી અધિકારી શ્રી(પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- સર્વ જિલ્લા સહાયકનિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ. (પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ.શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જી.સ્વાન પર મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.